Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :37• Date : 01-02-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisodiya • Mo. 98790 84567

## ભારતે ૧૯ પાકિસ્તાનીઓને ચાંચિયાના સકંજામાંથી બચાવ્યા



નવી દિલ્હી,

મિડલ ઈસ્ટ અને આફ્રિકાના સમુદ્રમાં ચાંચિયાઓનો આતંક વધતો જાય છે. તેમાં પણ સોમાલિયાના ચાંચિયા સૌથી વધુ ખતરનાક ગણાય છે જેઓ માલવાહક જહાજોને હાઈજેક કરે છે, તેના પરના લોકોને બંધક બનાવે છે અને પછી તેમને છોડવા માટે લાખો ડોલર માંગે છે. ભારતીય નેવી આવા ચાંચિયા સામે સખત પગલાં લઈ રહી છે જેમાં તાજેતરમાં એક ફિશિંગ જહાજને છોડાવીને તેના પર બંધક બનાવાયેલા ૧૯ પાકિસ્તાનીઓને મુક્ત કરાવ્યા છે. આ જહાજને સોમાલિયાના પાઈરેટ્સ દ્વારા કબજામાં લેવામાં આવેલું હતું. નેવીના સ્ટેટમેન્ટમાં જણાવાયા પ્રમાણે અપહૃત જહાજ પર ૩૬ લોકો હતા જેમાંથી ૧૯ પાકિસ્તાની હતા જ્યારે બાકીના ઈરાનના નાગરિકો હતા.

કોચિનના સમુદ્ર કિનારાથી ૮૫૦ નોટિકલ માઈલ દૂર આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ભારતીય પેટ્રોલિંગ જહાજ INS સુમિત્રાએ અલ-નઈમી નામના ફિશિંગ જહાજને ચાંચિયાના સકંજામાંથી મુક્ત કરાવ્યું છે. આ જાહાજ મૂળ ઈરાનની માલિકીનું છે, પરંતુ તેના પર પાકિસ્તાની લોકો સવાર હતા. ભારતીય નેવીના ઓપરેશનમાં ૧૦ સોમાલી ચાંચિયાને પણ પકડવામાં આવ્યા છે. છેલ્લા ૩૬ કલાકની અંદર INS સુમિત્રાએ બે જહાજોને છોડાવ્યા છે.

સોમવારે આ ઓપરેશન કરવામાં આવ્યું હતું જેમાં તમામ પાકિસ્તાનીઓ સુરક્ષિત રીતે મુક્ત થયા છે. સોમાલિયાના સમુદ્રમાં ચાંચિયાગિરી સામે ભારતીય નેવીની કામગીરી વધતી જાય છે. ભારતીય યુદ્ધ જહાજ આ એરિયામાં પેટ્રોલિંગ પર હતું ત્યારે તેણે સોમાલિયાના પૂર્વ કિનારે ઈરાનનો ધ્વજ ધરાવતા જહાજને આંતર્યું હતું જેના પર સોમાલિયાના ચાંચિયા સવાર હતા અને ચાલકદળના પાકિસ્તાની સભ્યોને બંધક બનાવ્યા હતા. ભારતીય નેવીના જહાજને મેસેજ મળ્યો હતો કે પાકિસ્તાનના લોકો સહિતના એક ફિશિંગ જહાજને હાઈજેક કરવામાં આવ્યું છે. આ લોકોને રવિવારે રાતે બંધક બનાવવામાં આવ્યા હતા. પરંતુ ભારતીય નેવીના ઓપરેશનમાં સોમવારે આ લોકો મુક્ત થયા હતા. INS Sumitraને ચાંચિયાઓની હાજરી વિશે માહિતી મળતા જ ઓફિસરો હરકતમાં આવી ગયા હતા અને હાઈજેક કરાયેલા જહાજને શોધી કાઢવામાં આવ્યું હતું.

### અધિકારીઓના બદલીના આદેશ આપવામાં આવ્યા

## ૩૮ ડેપ્યુટી કલેક્ટર કક્ષાના અધિકારીઓ અને ૨૯ મામલતદારોની બદલી કરવામાં આવી

### બોટાદ જિલ્લામાં ડિસ્ટ્રિક્ટ સપ્લાય ઓફિસર તરીકે ફરજ બજાવતા પરેશકુમાર ટી પ્રજાપતિની ડીસી-એનએ, અમદાવાદ ખાતે બદલી કરવામાં આવી છે

ગાંધીનગર,

રાજ્યના ૩૮ ડેપ્યુટી કલેક્ટર કક્ષાના અધિકારીઓના બદલીના આદેશ આપવામાં આવ્યા છે. મળતી જાણકારી અનુસાર, રાજ્યના ૩૮ ડેપ્યુટી કલેકટર કક્ષાના અધિકારીઓની બદલી કરવામા આવી હતી. ૧૨ GAS કેડરના અધિકારીઓને રેવન્યુ વિભાગમાં નિમણૂક આપવામાં આવી છે. રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે બદલીના આદેશ કર્યા હતા.

હાલમાં બોટાદ જિલ્લામાં ડિસ્ટ્રિક્ટ સપ્લાય ઓફિસર તરીકે ફરજ બજાવતા પરેશકુમાર ટી પ્રજાપતિની ડીસી-એનએ, અમદાવાદ ખાતે બદલી કરવામાં આવી છે. મહિસાગર જિલ્લામાં ડેપ્યુટી ડીઈઓ તરીકે ફરજ બજાવતા કુંજલ કે શાહની ડીસી-એલઆર, O/o કલેક્ટર, અમદાવાદ ખાતે બદલી કરાઈ હતી. આણંદ જિલ્લાના બોરસદમા પ્રાન્ત ઓફિસર એચ.ઝેડ. ભાલિયાની બદલી આણંદ જિલ્લાના ઝાલોદમાં પ્રાન્ત ઓફિસર તરીકે કરવામાં આવી છે. હાલમાં જૂનાગઢ ડેપ્યુટી ડીડીઓ તરીકે ફરજ બજાવતા ચાંદની પરમારની રાજકોટ જિલ્લા રાજકોટ શહેર-૧માં પ્રાન્ત ઓફિસર તરીકે બદલી કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં પ્રાન્ત ઓફિસર તરીકે ફરજ બજાવતા વિરેન્દ્ર.એસ. દેસાઈની અમદાવાદ જિલ્લાના વિરમગામના પ્રાન્ત ઓફિસર તરીકે બદલી કરવામાં આવી હતી. તે સિવાય લોકસભાની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજ્યના ૨૯ મામલતદારોની પણ બદલી કરવામાં આવી હતી. રાજ્યના રેવન્યુ વિભાગે બદલી કરી હતી. તાત્કાલિક અસરથી તમામની બદલીના આદેશ આપ્યા હતા. અમદાવાદના સીટી વેસ્ટ, સાબરમતીના મામલતદાર નિલેશ.બી. રબારીની ખેડા જિલ્લાના ગળતેશ્વર મામલતદાર તરીકે બદલી કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લાના જેતપુરના મામલતદાર ડોકટર એ.પી. અંતાલાની બદલી અમરેલી જિલ્લાના ખંભાના મામલતદાર તરીકે બદલી કરવામાં આવી હતી.

## RTI એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ દ્વારા કરોડોની તોડકાંડના કેસ અંગે એક્શન

ગાંધીનગર,

આટરીઆઈ એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ દ્વારા કરોડોનાં તોડકાંડ કેસને લઈ શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાનું મહત્વનું નિવેદન સામે આવ્યું છે. જેમાં વડોદરામાં રાજ્ય શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાનું તોડકાંડ મામલે કહ્યું હતું કે, શાળા સંચાલકોને બ્લેકમેઈલ કરી તોડ કરનાર સામે કાર્યવાહી કરાશે. તેમજ કોઈ વ્યક્તિ બ્લેકમેઈલ કરે તો શિક્ષણ વિભાગના અધિકારીઓને ફરિયાદ કરો. તેમજ આવા લોકો સામે શિક્ષણ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે. શાળા સંચાલકોને બ્લેકમેઈલ કરવાની પ્રવૃતિઓ નહી ચલાવી લેવાય.

રાઈટ ટુ ઈન્ફોર્મેશન, જેનાથી સામાન્ય નાગરિક સરકારના કોઈ પણ વિભાગ પાસેથી સામાન્ય ફોર્મ ભરીને માહિતી મેળવી શકે છે. RTI એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ. જેમના વિરુદ્ધ ગાંધીનગરમાં શાળા સંચાલકોએ બ્લેકમેઈલ કર્યાની ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના આધારે CID ક્રાઈમે મહેન્દ્ર પટેલના ઘરે દરોડા પાડ્યા હતા. મહેન્દ્ર પટેલે ૧૮ શાળાના સંચાલકોને ધમકાવીને કરોડો રૂપિયા ખંખેર્યાનો ખુલાસો થયો છે.

CID ક્રાઈમે દરોડા પાડીને ૧ કરોડથી વધુની રોકડ સહિત સોનાના દાગીના અને ૪૦૦ કરતા વધુ ફાઈલો મળી હતી. જે તમામ મુદ્દામાલને જપ્ત કરવામાં આવ્યો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે મહેન્દ્ર પટેલને વર્ષ ૧૯૯૫માં શાળાઓમાં બાળફિલ્મો બતાવવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. જે બાદ તેના શિક્ષણખાતામાં સંપર્કો વધતા તેનો દૂરપયોગ શરૂ કર્યો હતો. જો કે, આરોપી મહેન્દ્ર પટેલની ધરપકડ કરીને CID ક્રાઈમે રિમાન્ડ માટે કોર્ટ સમક્ષ હાજર કર્યો. જેમાં ૨ તારીખ સાંજે ૫ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કરાયા છે.ગાંધીનગરમાંથી RTI એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ સામે ફરિયાદને લઈ જય અંબે વિદ્યાભવનના ટ્રસ્ટી પ્રવિણ ગજેરાએ પ્રતિક્રિયા આપી હતી.

## તંત્રીની કલમે.................

# વિપક્ષી ગઠબંધનને લાગેલો ઝાટકો છેલ્લો નથી!

બિહારમાં નીતિશ કુમારે પલટી મારી દેતાં વિપક્ષી દળો વચ્ચે જે અરાજકતા અને બેચેની વધી છે, તેના જવાબદાર તેઓ પોતે જ છે. બેશક નીતિશ કુમારનું પાટલી બદલવું અનૈતિક ગણી શકાય, પરંતુ કોંગ્રેસની આગેવાનીવાળા વિપક્ષી ગઠબંધને તે થવા દીધું. જૂન, ૨૦૨૩થી જ્યારે વિપક્ષી ગઠબંધન અસ્તિત્વમાં આવ્યું, કમિટી રાજ, કેટલાંય શક્તિ કેન્દ્ર, એક જ પાર્ટીને પ્રમુખતા અને સંવાદની ઉણપે તેનો સંકેત તો આપી જ દીધો હતો. એ સાંભળવામાં ભલે વિચિત્ર લાગે, પરંતુ કેટલાંક અસ્પષ્ટ કારણોસર કોંગ્રેસે પોતાની જ પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને વડાપ્રધાન પદના ઉમેદવાર બનવા કે ગઠબંધનના અધ્યક્ષ બનવાનો ઈનકાર કરી દીધો. તેણે એક ક્ષેત્રીય નેતાને સંયોજક પદથી વંચિત કરવા, ગઠબંધન સચિવાલયની સ્થાપના કરવા કે નેતૃત્વના મુદ્દાને પતાવવાની સંભાવનાઓ ખતમ કરી દીધી.

એક રીતે આ ગરબડની જવાબદારી સંપૂર્ણ રીતે કોંગ્રેસ અને ગાંધી પરિવારની જ છે, ખાસ કરીને રાહુલ ગાંધીની, જેમને સીટ સમાયોજન માટે ગઠબંધનમાં સહમતિ બનાવવાને બદલે ન્યાય યાત્રાને પ્રાથમિકતા આપી. ગાંધી પરિવારને અફસોસ થઈ રહ્યો હશે કે તેમણે નીતિશને વિપક્ષી ગઠબંધનના સંયોજક બનાવીને શાંત કરવાનો સોનેરી મોકો ગુમાવી દીધો. બધા જ્યારે નીતિશને સંયોજક બનાવવા માટે સહમત થઈ ગયા હતા, ત્યારે રાહુલે કથિત રીતે તર્ક આપ્યો હતો કે મમતા બેનર્જી હાજર નથી, તેથી તેમની સહમતિ લેવી જોઈએ. આગામી બે અઠવાડિયા સુધી રાહુલ તેને કાં તો ભૂલી ગયા કાં તો નજરઅંદાજ કરવાનો નિર્ણય લીધો. મમતા સાથે કોઈ વાતચીત ન થઈ, અંતે નિરાશ નીતિશે ભાજપ સાથે જવાનો નિર્ણય કર્યો. ભાજપની રણનીતિ ૨૦૨૪ની ચૂંટણીમાં પોતાની સંભાવનાઓને મજબૂત કરવા કરતાં વિપક્ષી ગઠબંધનને લોકસભા સીટોથી વંચિત કરવાની છે.

હવે મે, ૨૦૨૪ બાદની પટકથા લખવાની કોશિશ થઈ રહી છે, જેમાં ક્ષેત્રિય દળો કોંગ્રેસને દોષીત ઠેરવવાની યોજના બનાવી રહ્યા છે. કોંગ્રેસની અંદર પણ રાહુલના વફાદાર નેતા ખડગેને દોષી ઠેરવવામાં રસ ધરાવે છે, જ્યારે કોંગ્રેસની અંદર સામાન્ય રીતે લોકો રાહુલની વિરુદ્ધ છે. પ્રિયંકા ગાંધીની ગેરહાજરી સંકેત આપે છે કે ૧૦ જનપથની અંદર બધું જ ઠીકઠાક નથી. મે, ૨૦૨૪ બાદ કોંગ્રેસમાં ઔપચારિક વિભાજનને અવગણી ન શકાય.

નીતિશ કુમારની આ ગુલાંટથી જ્યાં વિપક્ષી ગઠબંધનને આકરો ઝાટકો લાગ્યો છે, ત્યાં જ આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપની જીતની સંભાવનાઓ વધુ મજબૂત થઈ છે. જોકે હિંદી પટ્ટીમાં ભાજપની સ્થિતિ મજબૂત છે, પરંતુ પાર્ટી કોઈ પ્રકારનું જોખમ લેવા નથી માગતી. તેથી નીતિશને પોતાના જૂથમાં લાવીને તેણે કોંગ્રેસના નેતૃત્વવાળા વિપક્ષી ગઠબંધનની જે થોડીઘણી સંભાવના હતી, તેને પણ ધ્વસ્ત કરી દીધી છે. તે ઉપરાંત ભાજપ લોકસભા ચૂંટણીથી ઠીક પહેલાં એક બીજા રાજ્યમાં સત્તામાં ભાગીદાર બની ગઈ છે અને જેડીયુ માટે રાહતની વાત એ છે કે મુખ્યમંત્રીની ખુરશી પર તેના નેતા નીતિશ કુમાર જળવાઈ રહ્યા છે. જ્યારે જ્યારે ભાજપ અને જેડીયુએ મળીને ચૂંટણી લડી છે ત્યારે તેનાં પરિણામો સારાં જ આવ્યાં છે. પાછલી વખતે લોકસભા ચૂંટણીમાં ભાજપે જેડીયુ સાથે મળીને બિહારની ૪૦ માંથી ૩૯ સીટો પર જીત મેળવી હતી. રાજ્યમાં મુખ્યમંત્રી કોણ બનશે, તેનાથી વધુ મહત્ત્વપૂર્ણ ભાજપ માટે લોકસભા ચૂંટણી હતી. ભાજપની રણનીતિ છે કે વિપક્ષી ગઠબંધનની એક્તાને ઝાટકો આપીને કેવી રીતે તેને લોકસભા સીટોથી વંચિત રાખવામાં આવે. પશ્ચિમ બંગાળ અને પંજાબમાં પહેલેથી જ વિપક્ષી ગઠબંધનમાં તિરાડો પડી છે, જોકે તૃણમૂલ કોંગ્રેસ અને આપ હજુ પણ વિપક્ષી ગઠબંધનમાં તો છે.

વિપક્ષી એક્તા માટે કહેવું જેટલું આસાન છે, એટલું કરવું નથી. ભૂતકાળમાં એવા કેટલાય પ્રસંગો આવ્યા જ્યારે વિભિન્ન પક્ષો અને વિચારધારાઓના લોકો ૧૯૭૭, ૧૯૮૯, ૧૯૯૬ અને ૨004માં એકજૂટ થયા. ૧૯૭૭માં જ્યારે શક્તિશાળી ઈન્દિરા ગાંધીને પરાજિત કરવામાં આવ્યા હતા, તો વિપક્ષી જહાજને સહારો આપવા માટે એક લંગર હતું. જયપ્રકાશ નારાયણની પહેલ પર ચાર મુખ્ય વિપક્ષી પાર્ટીઓ - કોંગ્રેસ (ઓ), જનસંઘ, સંયુક્ત સોશ્યલીસ્ટ પાર્ટી અને ભારતીય લોકદળ ૨૩ જાન્યુઆરી, ૧૯૭૭ના રોજ એકજુટ થઈ અને જનતા પાર્ટી બનાવી. આ જ રીતે ૧૯૮૯માં દિક્ષણપંથી અને વામપંથી દળે વિશ્વનાથ પ્રતાપ સિંહની સાથે રાજીવ ગાંધીને સરકાર બનાવવાનો મોકો ન આપ્યો, જોકે કોંગ્રેસ સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી હતી.

### વડોદરા હરણી લેક દુર્ઘટના તપાસમાં મોટો ખુલાસો

# એક ટન વજનની ક્ષમતા ધરાવતી બોટમાં દોઢ ટન વજન

વડોદરા,

હરણી લેકઝોનની દુર્ઘટનામાં પોલીસ અને **FSL** ની તપાસમાં મોટો ખુલાસો થયો છે. તપાસમાં સામે આવ્યુ છે કે, બોટની ક્ષમતા કરતા વધુ લોકોને બેસાડવાને કારણે જ આ ગોઝારી દુર્ઘટના સર્જાઈ હતી. બોટ બનાવનાર કંપની દ્વારા પણ લેક ઝોન સંચાલકોની બેદરકારી ખુલ્લી પાડવામાં આવી છે. બોટ બનાવનારા કંપની સંચાલકોએ પૂછપરછમાં જણાવ્યુ છે કે, અમારી બનાવેલી બોટની ક્ષમતા માત્ર એક ટન વજનની હતી

જેમાં દોઢ ટન વજન કરવામાં આવ્યુ હતુ. નોંધનીય છે કે, હરણીના લેકઝોન ખાતે ગત તા.૧૮મીએ શહેરની ન્યૂ સનરાઈઝ શાળાના બાળકો પ્રવાસમાં આવ્યા હતા. જ્યાં બોટિંગ દરમિયાન બોટ પલટી ખાતા ૧૨ વિદ્યાર્થીઓ સાથે બે શિક્ષિકા સહિત કુલ ૧૪ લોકોના મોત નીપજ્યા હતા. આ અંગે પોલીસ અને એફએસએલના રિપોર્ટમાં અનેક ખુલાસા સામે આવ્યા છે. જેમા જાણવા મળ્યુ છે કે, હરણી લેકમાં બોટની ક્ષમતા કરતા વધુ લોકોને બેસાડવાને કારણે જ આ દુર્ઘટના સર્જાઈ હતી. આ સાથે તપાસમાં સામે આવ્યુ છે કે, એક ટન વજનની ક્ષમતા ધરાવતી બોટમાં દોઢ ટન વજન થઈ ગયું હતું. નિયમ પ્રમાણે બોટમાં આગળના ભાગમાં કોઈને બેસાડવાના હોતા નથી. જ્યાં કોઈને બેસાડી ન શકાય ત્યાં દસ બાળકોને બેસાડવામાં આવ્યા હતા. આગળના ભાગે બાળકો બેસાડ્યા હતા જેથી ટર્ન લેતી વખતે બોટ પલટી ખાઈ ગઈ હતી. આ ઉપરાંત બોટ બનાવનાર કંપનીએ પણ લેક ઝોન સંચાલકોની બેદરકારી ખુલ્લી પાડી છે. કંપની સંચાલકોએ કહ્યું છે કે, અમારી બનાવેલી બોટની ક્ષમતા માત્ર એક ટન વજનની જ હતી. જેમાં દોઢ ટન વજન કરવામાં આવ્યુ હતુ. આપને જણાવીએ કે, હરણી લેકઝોનની દુર્ઘટનામાં પકડાયેલા આરોપી પરેશ શાહ અને ગોપાલ શાહને કોર્ટમાં રજૂ કરાયા હતાં. આ ગુનામાં પૂછપરછ માટે કોર્ટે બંને આરોપીના નવ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતાં. નોંધનીય છે કે, ગોપાલ શાહ, બિનિત કોટિયાએ પોલીસની પૂછપરછમાં પરેશ શાહ સામે બળાપો કાઢ્યો હતો. તેમણે પોતે છેતરાયા હોવાની વેદના વ્યક્ત કરી હતી. પોલીસે કડકાઈથી પૂછપરછ કરતા બંને આરોપીઓએ પરેશ શાહની પોલ ખોલી હતી. બંને આરોપીઓએ પોલીસને કહ્યું હતુ કે, પરેશ શાહે પેટા કોન્ટ્રાક્ટ આપ્યો એની અમને જાણ કરી ન હતી. હરણી લેક ઝોનનો પેટા કોન્ટ્રાક્ટ દસ મહિના પેહલા નિલેશ જૈન સાથે કરાયો હતો.

### વડોદરામાં ૮૧ દુકાનો સીલ કરાઈ

# વડોદરામાં નિયમોનું ઉલ્લંઘન કરતા રાત્રિ બજારમાં મનપાની કાર્યવાહી

વડોદરા,

વડોદરા શહેરનાં કેટલાક વિસ્તારોમાં ખાણીપીણીનાં વિક્રેતાઓ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરતા હોવાનું મહાનગર પાલિકાના ધ્યાને આવતા સફાળે જાગેલી મહાનગર પાલિકા દ્વારા તાત્કાલીક કાર્યવાહી હાથ ધરી શહેરનાં અમુક વિસ્તારોમાં દુકાનો સીલ કરવામાં આવતા રાત્રિ બજારનાં વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો વડોદરા શહેરમાં રાત્રિ દરમ્યાન ચાલતા ખાણીપીણીનાં રાત્રિ બજારનાં વિક્રેતાઓ દ્વારા મહાનગર પાલિકાના નિયમોનું ઉલ્લંઘન કરતા દુકાનો અને લારી ધારકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વિક્રેતાઓ દ્વારા ગંદકી, ખોરાકની ગુણવત્તા ન જળવાતા તેમજ ભાડે આપેલી દુકાનો દ્વારા બહાર શેડ બનાવી ધંધો કરતા તેમજ રસ્તા પર દબાણ ઉભું કરી ગેરકાયદે ચાલતી દુકાનો સીલ કરી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

વડોદરા મહાનગર પાલિકા દ્વારા શહેરનાં કારેલીબાગમાં ૩૧, સયાજીપુરામાં ૨૯ અને સયાજીબાગ સામે ડોમમાં ૨૧ દુકાનો સીલ કરવામાં આવી હતી. ત્યારે તંત્ર દ્વારા અચાનક જ હાથ ધરવામાં આવેલી કાર્યવાહીને પગલે વેપારીઓ દ્વારા વિરોધ પણ કરવામાં આવ્યો હતો.

# નિર્વાણ દિવસ નિમિત્તે સાયરન વાગ્યું છતાં કોઈએ મૌન પાળવાની તસ્દી ન લીધી

ગાંધીનગર,

શહીદો પ્રત્યે ઋણ અદા કરવા તથા તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા આજે શહીદ દિને દેશભરમાં મૌન પાળવામાં આવે છે.

ગાંધીજીના નિર્વાણ દિવસ નિમિત્તે શહીદ દિન તરીકે ઉજવાય છે ૧૦ ને ૫૯ મિનિટે સાયરન વગાડવામાં આવે છે અને બે મિનિટનું મૌન પાળવામાં ાવે છે. રાજ્ય સરકાર દ્વારા આ પરિપત્ર કરવામાં આવ્યો હતો જોકે આજે વાસ્તવિકતા બિલકુલ અલગ છે. ગુજરાત વિધાનસભા માં મુકાયેલી સાયરન વાગી હતી જો કે બે મિનિટની મૌન પાળવાની જગ્યાએ દરેક પોતાના કામમાં જ વ્યસ્ત હતા. વિધાનસભા સામેનો રસ્તા પરનો ટ્રાફિક પણ કઈ જ ખબર ન હોય તે પ્રકારે ચાલુ હતો. રસ્તા પર લોકોની અવરજવર પણ જોઈ શકાતી હતી. રાજ્ય સરકાર દ્વારા આ પરિપત્ર કરવામાં આવ્યો હતો. જોકે ગાઁધીનગરમાં આજે વાસ્તવિકતા બિલકુલ અલગ જોવા મળી. ગુજરાત વિધાનસભા માં મુકાયેલી સાયરન વાગ્યુ હતું, જો કે બે મિનિટની મૌન પાડવાની જગ્યાએ દરેક પોતાના કામમાં જ વ્યસ્ત હતા. વિધાનસભા સામેનો રસ્તા પરનો ટ્રાફિક પણ કઈ જ ખબર ન હોય તે પ્રકારે ચાલુ હતો. રસ્તા પર લોકોની અવરજવર પણ જોઈ શકાતી હતી.

### જ્ઞાનવાપીના એએસઆઈ સર્વેમાં મંદિરના ઢાંચામાં મસ્જિદના પુરાવા

# શિવલિંગની પરિક્રમા કરવા જતા જ્યોતિષપીઠના શંકરાચાર્યને અટકાવાયા



વારાણસી,

એએસાઈના સર્વે દરમિયાન ઘણા એવા પુરાવા સામે આવ્યા કે તેનાથી સમજી શકાય કે મસ્જિદ એક હિન્દુ મંદિરના ઢાંચા પર બનાવવામાં આવી છે. તેમ છતાં મુસ્લિમ પક્ષ આ વાત માનવા તૈયાર નથી અને તેમને ઝુમ્માની નમાઝ પણ પઢી હતી. ત્યારે હવે જ્ઞાનવાપીના વજૂખાનામાં મળેલા કથિત શિવલિંગની પરિક્રમા કરવા જઈ રહેલા જ્યોતિષપીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદને પોલીસે આશ્રમના ગેટ પર અટકાવ્યા હતા. શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદે પોલીસને પૂછ્યું કે તમે મને સનાતનનું કામ કરતા કેમ રોકી રહ્યા છો? ત્યારે વારાણસી પોલીસે કલમ ૧૪૪નો હવાલો આપીને શંકરાચાર્યને કહ્યું હતું કે હાલમાં અંદર જવાની પાબંધી છે અને જો તમારે અંદર જવું હોય તો લેખિતમાં પરવાનગી લાવવી પડશે છે.ત્યારબાદ શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે લેખિત પરવાનગી માટે અરજી કરી હતી. શંકરાચાર્યએ જણાવ્યું હતું કે જો પરવાનગી નહીં મળે તો તેઓ લડત ચાલુ રાખશે.

નોંધનીય છે કે જ્ઞાનવાપી મસ્જિદમાં કરેલા સર્વે બાદ એએસઆઈએ કહ્યું હતું કે અહીં એક મોટું ભવ્ય હિન્દુ મંદિર હતું અને તેને તોડીને તેના સ્ટ્રક્ચર પર જ મસ્જિદ બનાવવામાં આવી છે. છજ્જીના સર્વે રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે જ્ઞાનવાપી મસ્જિદની જગ્યાએ મંદિર હોવાના ૩૨ થી વધુ પુરાવા મળ્યા છે. એવું કહેવામાં આવ્યું છે કે આવા ૩૨ શિલાલેખ મળી આવ્યા છે જે જૂના હિન્દુ મંદિરોના છે. ASI રિપોર્ટમાં એ બાબતનો પણ ઉલ્લેખ છે કે હિંદુ મંદિરના સ્તંભોમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો હતો અને તેનો મસ્જિદના સ્તંભ બનાવવા માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# રાજસ્થાનની સરકારી શાળામાં હિજાબ પર પ્રતિબંધથી વિવાદ

જયપુર,

કર્ણાટકમાં બે વર્ષ પહેલા હિજાબને લઈને વિવાદ સર્જાયો હતો. હવે બે વર્ષ બાદ એવો જ વિવાદ શરૂ થયો હતો. કર્ણાટકમાં ચૂંટણી પહેલા કોલેજોમાં હિજાબ પહેરવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો, ત્યારબાદ તેના પર ભારે રાજનીતિ થઈ હતી અને મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. હવે રાજસ્થાનમાં હિજાબ વિવાદે પણ દસ્તક આપી છે જ્યાં રાજધાની જયપુરની એક સરકારી શાળામાં ૨૬ જાન્યુઆરીએ એક કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓ દ્વારા હિજાબ પહેરવા સામે ભાજપના ધારાસભ્ય બાલમુકુંદ આચાર્યએ કથિત રીતે વાંધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ આ ચર્ચા શરૂ થઈ હતી કે શું શાળાઓમાં બધાએ સમાન ડ્રેસ કોડનું પાલન કરવું જોઈએ અને શાળાઓમાં હિજાબ પર પ્રતિબંધ મૂકવો જોઈએ કે નહિ.

હિજાબ વિવાદને લઈને ભાજપના ધારાસભ્ય બાલમુકુંદ આચાર્ય સામે મુસ્લિમ વિદ્યાર્થિનીઓએ કરેલા વિરોધ બાદ ભજનલાલ સરકારના પ્રધાન ડો.કિરોડીલાલ મીણાએ પણ આ ઘટનામાં ધારાસભ્ય આચાર્યની દલીલને સમર્થન આપ્યું હતું. શિક્ષણ પ્રધાન મદન દિલાવરે પણ આ અંગે શિક્ષણ વિભાગ પાસેથી રિપોર્ટ માંગ્યો છે કે કયા કયા રાજ્યોમાં હિજાબ પર પ્રતિબંધ છે. કેબિનેટ પ્રધાન ડો.કિરોડીલાલ મીણાએ પણ હિજાબ અને બુરખા પર પ્રતિબંધ લગાવવાની ભલામણ કરી છે. તેમણે તો ત્યાં સુધી કહ્યું કે ઘણા મુસ્લિમ દેશો છે જ્યાં હિજાબ પર પ્રતિબંધ છે, તો ભારતમાં હિજાબ કેમ પહેરવામાં આવે છે. અહીં પણ અન્ય દેશોની જેમ બુરખા અને હિજાબ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. તેમજ તમામ શાળાઓમાં યુનિફોર્મ ડ્રેસ કોડ હોવો જોઈએ. જયપુરમાં હિજાબને લઈને સર્જાયેલા વિવાદ બાદ સોમવારે મુસ્લિમ વિદ્યાર્થિનીઓએ સુભાષ ચોક પોલીસ સ્ટેશનને ઘેરી લીધું અને જોરદાર પ્રદર્શન કર્યું. આ દરમિયાન તેમના પરિવારના સભ્યો અને અન્ય મુસ્લિમ સમુદાયના લોકો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# કેસ દાખલ કરતી વખતે જાતિ-ધર્મના ઉલ્લેખની પ્રથા બંધ કરવા આદેશ

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે તમામ કોર્ટોને આદેશ આપ્યો છે કે, તેઓ કેસ દાખલ કરતી વખતે વાદીની જાતિ અને ધર્મનો ઉલ્લેખ કરવાની પ્રથા બંધ કરે. ન્યાયાધીશ હિમા કોહલી અને ન્યાયાધીશ અમાનુલ્લાહની બેંચે તમામ હાઈકોર્ટને ખાતરી કરવા કહ્યું છે કે, તેમના અધિકાર ક્ષેત્ર હેઠળની ગૌણ અદાલતોમાં કોઈપણ અરજીમાં વાદીની જાતિ અથવા ધર્મનો ઉલ્લેખ ન થાય.

બેંચે કહ્યું કે, કોર્ટમાં કોઈપણ વાદીની જાતિ અથવા ધર્મનો ઉલ્લેખ કરવાનું અમને કોઈ કારણ જોવા મળ્યું નથી. આવી પ્રથાને ખતમ કરી દેવી જોઈએ. આ કોર્ટમાં દાખલ કરાયેલી અરજી અને કાર્યવાહીમાં પક્ષકારોની જાતિ-ધર્મનો ઉલ્લેખ કરાશે નહીં, પછી ભલે નીચેની અદાલતો સમક્ષ આવું કોઈ નિવેદન રજૂ કરાયું હોય. સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો કે, અમારા આદેશનું તુરંત પાલન કરવા બારના સભ્યો ઉપરાંત રજિસ્ટ્રીનું ધ્યાન દોરવામાં આવે. આદેશની નકલ સંબંધિત રજિસ્ટ્રાર સમક્ષ અવલોકન માટે મુકાશે અને કડક પાલન માટે તમામ હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને પણ મોકલાશે.

રાજસ્થાનના શ્રીગંગાનગરની ફેમિલી કોર્ટમાં પેન્ડિંગ વૈવાહિક વિવાદ કેસમાં ટ્રાન્સફર પિટિશનને મંજૂરી આપતાં સુપ્રીમ કોર્ટે આ આદેશ આપ્યો છે. બંને પક્ષકારોની અરજીમાં પતિ-પત્નીની જાતીનો ઉલ્લેખ કરાતા સુપ્રીમ કોર્ટે આશ્ચર્યવ્યક્ત કર્યું હતું. અરજદારના વકીલે કહ્યું કે, નીચલી અદાલતો સમક્ષ દાખલ પિટિશનમાં ફેરફાર કરવામાં આવે, તો રજિસ્ટ્રી વાંધો ઉઠાવે છે. આ કેસમાં બંને પક્ષકારોની જાતિનો ઉલ્લેખ કોર્ટ સમક્ષ કરાયો હતો, તેથી તેમની પાસે ટ્રાન્સફર પિટિશનમાં જાતિનો ઉલ્લેખ કરવા સિવાય અન્ય વિકલ્પ ન હતો.

દરમિયાનમાં જમ્મુ-કાશ્મીરમાં ઈન્ટરનેટ પ્રતિબંધ મામલે મંગળવારે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સમય દરમિયાન સુપ્રીમ કોર્ટે જમ્મુ-કાશ્મીર પ્રશાસનને ઈન્ટરનેટ પ્રતિબંધ સંબંધિત સમીક્ષા આદેશ જાહેર કરવાનો નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે પ્રશાસનને કહ્યું કે આ પ્રકારના આદેશોને કબાટમાં ન રાખવા જોઈએ. સાથે જ સુપ્રીમ કોર્ટે કેન્દ્રના વકીલને આ મામલે સૂચનાઓ લેવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો હોવાનું એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું છે.સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર પાસેથી જાણવા માંગ્યું હતું કે અનુરાધા ભસીન કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણય હેઠળ ઈન્ટરનેટ પ્રતિબંધ સંબંધિત સમીક્ષા આદેશો સાર્વજનિક કરવામાં આવ્યા હતા કે નહીં. ત્યારબાદ કોર્ટે એવી ટકોર કરી હતી કે આ આદેશોને કબાટમાં રાખવા જોઈએ નહીં.બેન્ચે કેન્દ્રશાસિત પ્રદેશ માટે હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ કેએમ નટરાજની દલીલને ફગાવી દીધી હતી કે, કોર્ટ સમક્ષની તત્કાળ અરજીમાં બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરતી વખતે લાદવામાં આવેલા આવા પ્રતિબંધોને લગતી ચર્ચાઓ જાહેર કરવાની માંગ કરવામાં આવી છે.નટરાજે કહ્યું કે અરજદારની અરજી કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં ઈન્ટરનેટ પ્રતિબંધો સંબંધિત સમીક્ષા આદેશોના સંબંધમાં થયેલી ચર્ચાઓ વિશે માહિતી પ્રકાશિત કરવાની છે. આના પર ખંડપીઠે નટરાજને ચર્ચા વિશે ભૂલી જવા કહ્યું. તમે ઓર્ડર પ્રકાશિત કરો. શું તમે નિવેદન આપી રહ્યા છો કે સમીક્ષા ઓર્ડર પ્રકાશિત કરવામાં આવશે? ત્યારે નટરાજે કહ્યું કે તેમણે આ મામલે નિર્દેશ મેળવવા પડશે. દલીલો સાંભળ્યા બાદ ખંડપીઠે પોતાના આદેશમાં કહ્યું હતું કે ચર્ચા-વિચારણા પ્રકાશિત કરવાની જરૂર નથી. જો કે, સમીક્ષા પસાર કરતા ઓર્ડર પ્રકાશિત કરવા જરૂરી રહેશે. કોર્ટે નટરાજને નિર્દેશો લેવા માટે માટે બે અઠવાડિયાનો સમય આપ્યો હોવાનું અહેવાલ દ્વારા જાણવા મળ્યું છે.

### અમદાવાદ ઋષિ દધીચિની કર્મભૂમિ ગણાય છે

# અમદાવાદમાં મહાદેવને સિગરેટ ચડાવવાની માન્યતા પ્રચલીત

અમદાવાદ,

વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે ઓળખાતા આ શહેરમાં અનેક મંદિરો આવેલા છે. દરેક મંદિર પોતાનો આગવો ઈતિહાસ ધરાવે છે.અમદાવાદનું દૂધેશ્વર બ્રિજ નીચે સ્મશાનની બાજુમાં ચંદ્ર ભોલેશ્વર મહાદેવ મંદિર આવેલું . જેનો ઈતિહાસ અઘોરી સાથે જોડાયેલા છે. આ અંગે લોકલ ૧૮ને મંદિરના પૂજારી જયેશ લંકેશ મહારાજે માહિતી આપી છે. મંદિરમાં વર્ષોથી સેવા કરતાં જયેશ લંકેશ મહારાજે જણાવ્યું કે, એક લોકવાયકા મુજબ મંદિર જે જગ્યાએ આવેલું છે, તે જગ્યા દધીચિ ઋષિની કર્મભૂમિ છે. દધીચિ ઋષિએ અહીંયા તપ કર્યું હતું. આ ઉપરાંત અહીંથી જ દેવરાજ ઈન્દ્રને વજ્ર બનાવવા માટે દધીચિ ઋષિએ પોતાના અસ્થિનું દાન કર્યું હતું. ત્યારબાદ અઘોરીઓ દ્વારા મહાદેવની પૂજા કરીને અહીં શિવલિંગની સ્થાપના કરવામાં આવી હતી. જેને ચંદ્ર ભોલેશ્વર નામ આપવામાં આવ્યું છે.

જયેશ લંકેશ મહારાજે આગળ જણાવ્યું કે, આ મંદિરમાં પહેલા માત્ર અઘોરીઓ જ આવતા હતા. અહીં આજે પણ ભોલેનાથને સિગરેટ ચડાવવામાં આવે છે. આજે પણ પરંપરાના ભાગરૂપે અઘોરીઓ અહીં આવીને મહાદેવની પૂજા કરે છે. દર સોમવારે અહીં ભોલેનાથને જુદો જુદો શણગાર પણ કરવામાં આવે છે. સાથોસાથ ભંડારાનું આયોજન પણ કરવામાં આવે છે. અહીં દૂર દૂરથી ભક્તો મહાદેવના દર્શને આવે છે. જેમની ભોલેનાથ મનોકામના પૂરી કરે છે. ભક્તોની અવરજવર અને લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ મંદિરનું પૂનઃ નિર્માણ કરવામાં આવ્યું છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પરીક્ષા કે ચર્ચા કાર્યક્રમને નિહાળવા માટે ઘાટલોડિયાની એક સ્કૂલમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પહોંચ્યા હતા.

### લોકસભાની ચૂંટણી પહેલાં પક્ષપલટાનો દોર જારી

# કોંગ્રેસના વધુ બે પૂર્વ ધારાસભ્યોએ કેસરિયો ધારણ કરી લીધો

## પૂર્વ ધારાસભ્ય ચિરાગ કાલરિયા અને બાલકૃષ્ણ પટેલ તેમજ કુલદીપસિંહ રાઉલજી ભાજપમાં જોડાઈ ગયા

ગાંધીનગર,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ નજીક આવી રહી છે તેમ તેમ પક્ષપલટા અને રાજીનામાનો દોર શરૂ થઈ ગયો છે.

હજુ થોડા દિવસ પહેલા જ વિજાપુરના ધારાસભ્ય સી.જે. ચાવડાએ કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો હતો. હવે ગુજરાત કોંગ્રેસમાં મોટા માથા કહેવાતા, જામજોધપુરના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ચિરાગ કાલરિયા અને ડભોઈના પૂર્વ ધારાસભ્ય બાલકૃષ્ણ પટેલ તેમજ બરોડા ડેરીના ડિરેક્ટર કુલદીપસિંહ રાઉલજી પોતાના સમર્થકો સાથે ભાજપમાં જોડાઈ ગયા છે. ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે સોમવારે બપોરે એક કાર્યક્રમમાં ચિરાગ કાલરિયા અને બાલકૃષ્ણ પટેલને કેસરિયો પહેરાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭માં ચિરાગ કાલરિયા જામજોધપુરની બેઠકથી કોંગ્રેસની ટિકિટ પરથી ચૂંટણી જીત્યા હતા, જ્યારે બાલકૃષ્ણ પટેલ ૨૦૨૨માં ડભોઈ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર રહ્યા હતા. જો કે બાલકૃષ્ણ પટેલ ભાજપમાંથી જ કોંગ્રેસમાં ગયા હતા.

### બનાસકાંઠાના સરહદી વિસ્તારના ખેડૂતોને વ્યાજ સાથે નુક્સાન વળતર મળશે

# અતિવૃષ્ટિથી નુકસાનને લઈ ખેડૂતોને વળતર ચૂકવવા કોર્ટનો આદેશ

બનાસકાંઠા,

વીમાના નામે કંપનીઓ ખેડૂતો પાસેથી નાણાં તો વસૂલતી હોય છે. પણ જ્યારે વળતર ચુકવવાનો સમય આવે ત્યારે હાથ ઊંચા કરી દેતી હોય છે. પણ, આવા જ એક કિસ્સામાં આખરે ૬ વર્ષે ખેડૂતોને ન્યાય મળ્યો છે. બાજરી ઉત્પાદન કરતા બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારના ખેડૂતોને વ્યાજ સાથે નુક્સાન વળતર મળશે.

બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૮માં આઠ હજાર સાતસો બાસઠ જેટલાં ખેડૂતોએ પાક વીમો લઈને બાજરીના પાકનું વાવેતર કર્યું હતું. પરંતુ, અતિવૃષ્ટિના કારણે ખેડૂતોનો બાજરીનો સંપૂર્ણ પાક નિષ્ફળ ગયો હતો. તો ક્યાંક વરસાદ ન પડતા ખેડૂતોને રોવાનો વારો આવ્યો હતો. પાક નિષ્ફળ જતા ખેડૂતોએ વીમા કંપની પાસે વળતરની માંગ કરી હતી. પણ, પહેલાં તો વીમા કંપનીએ નાણાં ચુકવવા આના-કાની કરી. ત્યારબાદ માત્ર નુકસાનીનું ૧૦ ટકા વળતર ચુકવવા તૈયાર થઈ. આખરે, બનાસકાંઠાની સેવા સહકારી મંડળીએ ખેડૂતોના હક માટે લડત ચલાવવાનું નક્કી કર્યું હતુ. આખરે, ૬ વર્ષે ખેડૂતોને ન્યાય મળ્યો છે અને ૯ ટકાના સાદા વ્યાજ સાથે કુલ ૧૧ કરોડ રૂપિયા ખેડૂતોને મળશે. આ માટે વીમા કંપનીને કોર્ટે આદેશ કર્યો છે. જેમાં ખેડૂતોને નુકસાનીના ૭૫ ટકા રકમ વળતર પેટે મળશે. આ નિર્ણયથી બનાસકાંઠાના સરહદી વિસ્તારના ખેડૂતોમાં આનંદની લહેર છે. જો કે તેમની એક જ માંગ છે કે આ રકમ હવે સમયસર તેમના ખાતામાં જમા થઈ જાય.

## હિંમતનગર નજીકથી SMCની ટીમે દારુ ભરેલી કાર સાથે ૨ શખ્શોને ઝડપ્યા

હિંમતનગર,

હિંમતનગર નજીકથી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ દ્વારા દારુનો જથ્થો ઝડપી પાડ્યો છે. એક કારમાં રાજસ્થાનથી અમદાવાદ તરફ દારુનો જથ્થો લઈ જવાતો હોવાની બાતમી SMC ની ટીમને મળી હતી. જેને લઈ ટીમે એક કારને હિંમતનગર ના GIDC ઓવરબ્રીજ પાસે આંતરીને તલાશી લેતા દારુનો જથ્થો મળી આવ્યો હતો.

અમદાવાદ હિંમતનગર નેશનલ હાઈવે પરથી એક કારમાંથી દારુનો જથ્થો ઝડપાયો છે. ગાંધીનગરથી આવેલી SMC ની ટીમે બાતમી આધારે એક કારને આંતરીને તેની તલાશી લીધી હતી. જેમાંથી ૧.૮૧ લાખ રુપિયાનો વિદેશી શરાબનો જથ્થો ભરેલો મળી આવ્યો હતો. શહેરના GIDC ઓવરબ્રીજ પાસે આ કારને રોકવામાં આવી હતી. SMC એ અમદાવાદ ગોમતીપુરના નવાઝખાન ફિરોઝખાન પઠાણ અને રામોલના સોયબ મુસ્તુફા સલાટને દારુના જથ્થા સાથે ઝડપી લીધા હતા. બંને અમદાવાદ તરફ દારુનો જથ્થો લઈ આવી રહ્યા હતા. એ દરમિયાન ઝડપી લેવામાં આવ્યા હતા. SMC એ આ બંને શખ્શો સહિત દારુ ભરી આપનાર અને રીસીવ કરનારાઓ સહિત ૫ શખ્શો સામે હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો છે.

## સુરતના ઈકો સેલે જન્મના નકલી દાખલાના રાષ્ટ્રવ્યાપી કૌભાંડનો પર્દાફાશ કર્યો

સુરત,

સુરતમાં ઝડપાયેલા જન્મના નકલી પ્રમાણ પત્ર બનાવવાના દેશવ્યાપી કૌભાંડમાં ફુલપાડાના જનસેવા સંચાલકની ધરપકડ કરવામાં આવી છે. સુનિલ છોટેલાલ નામના ફુલપાડાના જનસેવા સંચાલકને ઈકો સેલે ઝડપી લીધો છે. તે માત્ર ૧૦ રૂપિયામાં નકલી જન્મ પ્રમાણપત્ર બનાવી આપતો હતો સુરતમાં માત્ર ૧૦ રૂપિયા ચૂકવી અને જન્મનો નકલી દાખલો મેળવવાનું કૌભાંડ થોડા દિવસ પહેલા ઝડપાયુ હતુ. આ કેસમાં આરોપી સુનિલ છોટેલાલ નામના ફુલપાડાના જનસેવા સંચાલકની ધરપકડ કરવામાં આવી છે. સુરતના ઈકો સેલે રાષ્ટ્રવ્યાપી જન્મના નકલી દાખલાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આરોપીએ વેબસાઈટ મારફતે દેશભરમાં ૮૦ હજારથી વધુ નકલી જન્મ પ્રમાણપત્ર બનાવ્યા છે. આ સમગ્ર રેકેટ બિહારનો સિનતુ યાદવ નામનો શખ્સ ચલાવતો હતો.ઈકો સેલે થોડા દિવસ પહેલા સુરત મનપા દ્વારા મળેલી માહિતીના આધારે તપાસ કરી હતી. આ તપાસમાં ફરિયાદની સત્યતા જણાતા જન્મના દાખલાનું બિહાર કનેક્શન સામે આવ્યું હતુ. ઈકો સેલે ઘટનાની ગંભીરતાથી નોંધ લઈને વધુ તાપસ કરતા એક મસમોટા રાષ્ટ્રવ્યાપી કૌભાંડનો પર્દાફાશ થયો હતો. ઝારખંડ અને બિહારની બોર્ડર પરથી કૌભાંડના પર્દાફાશ થયો.

## કોલ્ડ સ્ટોરેજના ભાડામાં વધારો થતાં ખેડૂતોમાં નારાજગી વ્યાપી

બનાસકાંઠા,

બનાસકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ એસોસિયેશને ભાડામાં વધારો જાહેર કરવાને લઈ ખેડૂતોમાં નારાજગી વ્યાપી છે. ખેડૂતોએ હવે ભાડા વધારાનો વિરોધ કરવાની શરુઆત કરી છે. કિસાન સંઘે પણ ભાડા વધારો પરત ખેંચવાની માંગ કરી છે. બટાકાના ઉત્પાદનના સમયે જ ભાડા વધારાને લઈ ખેડૂતોમાં રોષ ફેલાયો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજના માલિકોએ હવે ભાડા વધારો જાહેર કર્યો છે. કટ્ટા દીઠ ૧૦ રુપિયા જેટલો વધારો જાહેર કરવાની સાથે જ ખેડૂતોમાં નારાજગી પ્રવર્તી રહી છે. તો હવે બનાસકાંઠા બાદ અરવલ્લી અને સાબરકાંઠામાં પણ કોલ્ડ સ્ટોરેજના ભાડામાં વધારો થવાની શક્યતાઓ જણાઈ રહી છે. આવી સ્થિતિમાં બટાકાના ઉત્પાદન સમયે જ ભાડા વધારો ઉત્તર ગુજરાતમાં ખેડૂતોમાં રોષ પેદા કરી શકે છે. કોલ્ડ સ્ટોરેજના ભાવમાં વધારો કરવાને લઈ ખેડૂતોએ હવે વિરોધ કર્યો છે.

કિસાન સંઘે પણ હવે ભાડા વધારોનો વિરોધ કર્યો છે. જિલ્લામાં ૧૯૯ જેટલા કોલ્ડ સ્ટોરેજ આવેલા છે. જેના સંચાલકો દ્વારા વરસે દહાડે બેઠક યોજવામાં આવે છે. જેમાં મોટે ભાગે ભાડામાં વધારો જાહેર કરવામાં આવતો હોય છે. આ વખતે પણ ભાડા વધારો કરવામા આવે છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers, C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben V. Sisodiya